# વૈભવના ‘વાર’થી ભારતે પ્રથમ ટી-20માં ઝિમ્બાબ્વેને હરાવ્યું

**શ્રેયસ** અય્યરની કેપ્ટન્સીમાં છ ટી-20 હાર પછી ભારતે હવે સાતમી ટી-20માં જીતનો સ્વાદ ચાખ્યો

**બોલરોએ** પહેલા ઝિમ્બાબ્વેને 125 રન સુધી સિમિત રાખ્યા પછી ભારતે 13.2 ઓવરમાં લક્ષ્યાંક આંબ્યો

**સૂર્યવંશીએ** 18 બોલમાં 50 રનની તોફાની ઇનિંગ રમતા ભારત 40 બોલ બાકી રાખી સાત વિકેટે જીત્યું



હરારે, તા. 23 (પીટીઆઈ) : ઝડપી બોલર મયંક યાદવ અને પ્રિન્સ યાદવની ઉમદા બોલિંગ પછી ભારતના યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીની ધમાકેદાર અડધી સદીની મદદથી ભારતે ગુરુવારે અહીં રમાયેલી પ્રથમ ટી-20 ઈન્ટરનેશનલમાં ઝિમ્બાબ્વેને સાત વિકેટથી હરાવીને ત્રણ મેચની સીરિઝમાં 1-0ની સરસાઇ મેળવી લીધી છે. શ્રેયસ અય્યરની કેપ્ટનશિપમાં ભારતે ટી-20 ઈન્ટરનેશનલમાં છ મેચમાં પરાજય વેઠ્યા પછી આ પહેલી જીત મેળવી હતી. ઝિમ્બાબ્વેએ મૂકેલા 126 રનના લક્ષ્યનો પીછો કરતા, ભારતે સૂર્યવંશીના 19 બોલમાં ચાર છગ્ગા અને ચાર ચોગ્ગા સાથે 50 રન અને ઈશાન કિશનના 24 બોલમાં 35 રનની આક્રમક ઈનિંગ્સની મદદથી 13.2 ઓવરમાં ત્રણ વિકેટે 126 રન બનાવીને 40 બોલ બાકી રાખીને સાત વિકેટે જીત મેળવી હતી. કેપ્ટન શ્રેયસ અય્યરે પણ નૌટઆઉટ 28 રન બનાવ્યા.

અગાઉ, ભારતે ટોસ જીતીને ઝિમ્બાબ્વેને બેટિંગ માટે આમંત્રણ આપ્યા પછી બોલરોએ પાવર પ્લેમાં જ યજમાન ટીમનો સ્કોર ત્રણ વિકેટે 26 રન કરીને કેપ્ટનના નિર્ણયને સાચો સાબિત કર્યો હતો. મેચના પહેલા બોલે જ બે વર્ષ પછી ઈન્ટરનેશનલ ક્રિકેટમાં વાપસી કરી રહેલા મયંક યાદવે બ્રાયન બેનેટને આઉટ કર્યો હતો.

ઝિમ્બાબ્વેએ 14મી ઓવરમાં 64 રનમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી, ત્યારબાદ વેસ્લી માધેવેર અને તાદિવનશે મારુમાનીએ છઠ્ઠી વિકેટ માટે 58 રન ઉમેરીને ટીમને સન્માનજનક સ્કોર સુધી પહોંચાડી દીધી હતી. મયંક અને પ્રિન્સ યાદવના પ્રભાવક બોલિંગ પ્રદર્શનથી ઝિમ્બાબ્વેને સાત વિકેટે 125 રન સુધી સિમિત રાખી હતી. મયંકે 18 રનમાં બે જ્યારે પ્રિન્સે 19 રનમાં બે વિકેટ લીધી હતી. રવિ બિશ્નોઈ અને શિવમ દુબેએ એક-એક વિકેટ લીધી હતી.

| ઝિમ્બાબ્વે | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| બેનેટ કો.ઇશાન બો.મયંક | 0 | 1 | 0 | 0 |
| કરન કો.વૈભવ બો.પ્રિન્સ | 10 | 8 | 2 | 0 |
| માયર્સ કો.દુબે બો.મયંક | 6 | 14 | 1 | 0 |
| રઝા કો.શેડગે બો.દુબે | 4 | 7 | 1 | 0 |
| બર્લ કો.તિલક બો.બિશ્નોઇ | 26 | 35 | 1 | 1 |
| મેધેવર રનઆઉટ | 39 | 34 | 3 | 1 |
| મારુમની નોટઆઉટ | 27 | 20 | 2 | 1 |
| ઇવાન્સ કો.શ્રેયસ બો.પ્રિન્સ | 0 | 1 | 0 | 0 |
| ન્યૂમેન નોટઆઉટ | 1 | 1 | 0 | 0 |
| વધારાના | 12 | | | |
| કુલ (20માં સાત વિકેટે)) | 125 | | | |

**વિકેટપતન :** 1/0, 2/19, 3/20, 4/32, 5/64, 6/122, 7/122

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મયંક યાદવ | 4 | 0 | 18 | 2 |
| અશોક શર્મા | 4 | 0 | 29 | 0 |
| પ્રિન્સ યાદવ | 4 | 0 | 19 | 2 |
| શિવમ દુબે | 4 | 0 | 32 | 1 |
| રવિ બિશ્નોઇ | 4 | 0 | 24 | 1 |

| ભારત | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| અભિષેક કો.ઇવાન્સ બો.મુઝરબાની | 1 | 8 | 0 | 0 |
| વૈભવ કો.કરન બો.એન્ગરાવા | 50 | 19 | 4 | 4 |
| ઇશાન કો.માયર્સ બો.મુઝરબાની | 35 | 24 | 3 | 2 |
| શ્રેયસ નોટઆઉટ | 28 | 24 | 3 | 0 |
| થઇળખ નોટઆઉટ | 6 | 5 | 1 | 0 |
| વધારાના | 6 | | | |
| કુલ (13.2ઓવરમાં ત્રણ વિકેટે) | 126 | | | |

**વિકેટપતન :** 1/23, 2/68, 3/114

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| બ્લેસિંગ મુઝરબાની | 4 | 0 | 26 | 2 |
| રિચાર્ડ એન્ગરાવે | 2.2 | 0 | 30 | 1 |
| બ્રાડ ઇવાન્સ | 2 | 0 | 26 | 0 |
| ન્યુમેન નીમ્હુરી | 2 | 0 | 30 | 0 |
| સિકંદર રઝા | 3 | 0 | 14 | 0 |

## વૈભવ સૂર્યવંશી ઇન્ટરનેશનલ ક્રિકેટમાં અર્ધસદી ફટકારનાર સૌથી યુવા ખેલાડી બન્યો

**વૈભવે** ઇન્ટરનેશનલ ક્રિકેટમાં નેપાળના કુસલ મલ્લાનો અને ટી-20 ઇન્ટરનેશનલમાં જીબ્રાલ્ટરના લુઇસ બ્રુસનો રેકોર્ડ તોડ્યો



હરારે : ઝિમ્બાબ્વે સામે રમાયેલી પહેલી ટી-20 ઇન્ટરનેશનલમાં, ભારતના 15 વર્ષીય વૈભવ સૂર્યવંશીએ પોતાના બેટથી વિસ્ફોટક બેટિંગ કરીને ચાર છગ્ગા અને ચાર ચોગ્ગાની મદદથી 18 બોલમાં પોતાની પહેલી ઇન્ટરનેશનલ અર્ધ સદી પૂર્ણ કરી અને તેની સાથે જ તે માત્ર 15 વર્ષ અને 118 દિવસની ઉંમરે ઇન્ટરનેશનલ ક્રિકેટમાં અડધી સદી ફટકારનાર વિશ્વનો સૌથી યુવા બેટ્સમેન બન્યો હતો. તેણે ઇન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી યુવા વયે અર્ધસદી ફટકારવાનો નેપાળના કુસલ મલ્લાનો રેકોર્ડ તોડ્યો હતો, જેણે 2020માં અમેરિકા સામેની વન ડેમાં 15 વર્ષ 340 દિવસની વયે અર્ધસદી ફટકારી હતી, જ્યારે ટી-20 ઇન્ટરનેશનલમાં તેણે જિબ્રાલ્ટરના લુઇસ બ્રુસે 2021માં માલ્ટા સામે 16 વર્ષ અને 56 દિવસની વયે અર્ધસદી ફટકારીને બનાવેલો રેકોર્ડ તોડ્યો હતો.

**ઇન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી યુવા વયે અર્ધસદી ફટકારનાર ખેલાડી**

| ખેલાડી | દેશ | હરીફ | ફોર્મેટ | વય | સ્થળ | વર્ષ |
|---|---|---|---|---|---|---|
| વૈભવ સૂર્યવંશી | ભારત | ઝિમ્બાબ્વે | ટી-20I | 15 વર્ષ 118 દિવસ | હરારે | 2026 |
| કુસલ મલ્લા | નેપાળ | અમેરિકા | વન ડે | 15 વર્ષ 340 દિવસ | કિરતપૂર | 2020 |
| લુઇસ બ્રુસ | જિબ્રાલ્ટર | માલ્ટા | ટી-20I | 16 વર્ષ 56 દિવસ | આલ્બગરિયા | 2021 |
| કેવિન ચદ્વા | ઇન્ડોનેશિયા | સ્વીડન | ટી-20I | 16 વર્ષ 76 દિવસ | બાલી | 2026 |
| એલ્યુસિન તુરે | સિએરા લિયોન | ઘાના | ટી-20I | 16 વર્ષ 89 દિવસ | બેનોની | 2023 |
| તેનઝિન રાબગે | ભૂટાન | ચીન | ટી-20I | 16 વર્ષ 118 દિવસ | કુલાલમ્પુર | 2023 |

## સિંધુ ચાઇના ઓપનના બીજા રાઉન્ડમાંથી બહાર

ચાંગઝોઉ, તા. 23 (પીટીઆઈ) : ભારતીય બેડમિન્ટન સ્ટાર પીવી સિંધુ પોતાની શરૂઆતની લીડનો લાભ લેવામાં નિષ્ફળ રહેતા આજે ગુરુવારે અહીં બીજા રાઉન્ડમાં ચીની ખેલાડી ચેન યુફેઈ સામે ત્રણ ગેમના સંઘર્ષમાં હારીને ચાઇના ઓપન બેડમિન્ટન ટુર્નામિન્ટમાંથી બહાર થઈ ગઈ. લગભગ દોઢ કલાક સુધી ચાલેલી આ મેરેથોન મેચમાં સિંધુ વિશ્વની ચોથી ક્રમાંકિત ખેલાડી યુફેઈ સામે 21-16, 20-22, 18-21 થી હારી હતી. પહેલી ગેમથી જ સ્પષ્ટ થઈ ગયું હતું કે મુકાબલો ખૂબ જ રોમાંચક બનવાનો છે.

## બીજી U-19 ટેસ્ટમાં ભારતે શ્રીલંકાને 211 રને હરાવ્યું

કોલંબો, તા. 23 : લેગ-સ્પિનર રોહિત શર્મા અને ઝડપી બોલર સી વેંકટે મળીને સાત વિકેટ લેતા ભારત અંડર-19 એ ગુરુવારે અહીં બીજી યુથ ટેસ્ટના ચોથા અને અંતિમ દિવસે શ્રીલંકા અંડર-19 ને 211 રનથી હરાવ્યું હતું. પહેલી મેચ ડ્રો થયા બાદ ભારતની અંડર-૧૯ ટીમે બે મેચની સીરિઝ 1-0થી જીતી લીધી. ભારતીય ટીમે અગાઉ યુવા વનડે સીરિઝ 1-2થી હારી ગઇ હતી. ભારત અંડર-19 ટીમના 472રનના લક્ષ્યાંકનો પીછો કરતા, યજમાન ટીમ લંચ બ્રેક પછી 76.5 ઓવરમાં 260 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

## SA20ની પાંચમી સિઝન 17 જાન્યુઆરીથી શરૂ થશે

જોહાનિસબર્ગ, તા. 23 : દક્ષિણ આફ્રિકાની સ્થાનિક ક્રિકેટ લીગ SA20 ની પાંચમી સીઝન 17 જાન્યુઆરીથી શરૂ થશે, જેમાં પ્રથમ મેચ ડિફેન્ડિંગ ચેમ્પિયન સનરાઇઝર્સ ઇસ્ટર્ન કેપ અને પ્રિટોરિયા કેપિટલ્સ વચ્ચે ગકેબરહાના સેન્ટ જ્યોર્જ પાર્ક ખાતે રમાશે. પ્રિટોરિયા કેપિટલ્સનો કોચ માજી ભારતીય કેપ્ટન સૌરવ ગાંગુલી છે અને તેનો કેપ્ટન કેશવ મહારાજ છે. ટીમ ગયા સિઝનમાં ફાઇનલમાં પહોંચી હતી. છ ટીમોની આ ટુર્નામેન્ટમાં ડર્બન સુપર જાયન્ટ્સ, જોબર્ગ સુપર કિંગ્સ, એમઆઇ કેપ ટાઉન, પ્રિટોરિયા કેપિટલ્સ, પાર્લ રોયલ્સ અને સનરાઇઝર્સ ઇસ્ટર્ન કેપનો સમાવેશ થાય છે. આ બધી ફ્રેન્ચાઇઝીઓ સંપૂર્ણપણે અથવા આંશિક રીતે આઇપીએલ ટીમ માલિકોની માલિકીની છે.

# CWG લોન બોલ્સ : સોનોવાલે વર્લ્ડ ચેમ્પિયન બેસ્ટરને હરાવી અપસેટ કર્યો

**કોમનવેલ્થ** ગેમ્સમાં ડેબ્યુ કરનારા પુતુલ સોનોવાલે વર્લ્ડ ચેમ્પિયનને હરાવી અભિયાનની વિજયી શરૂઆત કરી



ગ્લાસગો, તા. 23 (પીટીઆઈ) : ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં આજે ગુરુવારે પુતુલ સોનોવાલે પોતાના અભિયાનની શાનદાર શરૂઆત કરતાં લોન બોલ મેન્સ સિંગલ્સ ઈવેન્ટમાં ટાઇ-બ્રેકમાં કેનેડાના 2023ના વર્લ્ડ ચેમ્પિયન રાયન બેસ્ટરને હરાવીને મોટો અપસેટ સર્જ્યો હતો.

કોમનવેલ્થ ગેમ્સમાં ડેબ્યુ કરનાર પુતુલે પહેલો સેટ 5-4થી જીત્યો. ત્યારબાદ કોમનવેલ્થ ગેમ્સમાં મેડલ વિજેતા બેસ્ટરે શાનદાર વાપસી કરી, બીજો સેટ 7-3થી જીતીને મેચને ટાઇ-બ્રેકમાં ફેરવી દીધી. આસામના વર્તમાન એશિયન ચેમ્પિયન સોનોવાલે દબાણ હેઠળ પોતાનું સંયમ જાળવી રાખ્યું અને ટાઇ-બ્રેક જીતીને તેની પહેલી ગ્રુપ ડી મેચમાં યાદગાર વિજય નોંધાવ્યો. હવે તે શુક્રવારે તેની બીજી મેચમાં ફોકલેન્ડ ટાપુઓના સેસિલ એલેક્ઝાન્ડરનો સામનો કરશે.

## CWG : વુમન્સ પેર બોલ્સ સ્પર્ધામાં ભારતે માલ્ટાને ટાઇ-બ્રેકમાં હરાવ્યું

**બર્મિંઘમ** CWGમાં ગોલ્ડ મેડલ જીતનારી ભારતીય ટીમમાં સામેલ રૂપા રાની અને પિન્કી સિંહની જોડીની વિજયી શરૂઆત



ગ્લાસગો, તા. 23 (PTI) : ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં ભારતે બોલ્સ મહિલા પેર સ્પર્ધાના ઉત્તેજનાત્મક ટાઇ-બ્રેકરમાં માલ્ટાને હરાવીને પોતાના અભિયાનની વિજયી શરૂઆત કરી છે. સ્કોટીશ ઈવેન્ટ કેમ્પસ હોલ 3 ખાતે રમાયેલી સેક્શન B ની પ્રથમ રાઉન્ડની મેચમાં રૂપા રાની તિર્કી (લીડ) અને પિંકી સિંહ (સ્કીપ) ની ભારતીય જોડીએ પ્રથમ સેટમાં દબદબો જાળવી રાખીને 7-1થી જીત મેળવી 1-0ની સરસાઈ મેળવી લીધી હતી. જોકે, માલ્ટાની રેબેકા લુઈસ રિક્સન (લીડ) અને કોની-લી રિક્સન (સ્કીપ)ની જોડીએ વળતો પ્રહાર કરીને બીજો સેટ 4-3થી પોતાના નામે કર્યો હતો. તણાવપૂર્ણ ટાઈ-બ્રેકરમાં ભારતીય ટીમ પોતાના વિરોધીઓ કરતાં પાછળ ચાલી રહી હતી, પરંતુ છેલ્લી બોલમાં પિંકીએ એક સરસ પ્રદર્શન કરીને મેચ પોતાના નામે કરી લીધી હતી.

બોલ્સ સ્પર્ધામાં, ‘સ્કીપ’એ ટીમનો કેપ્ટન હોય છે અને સામાન્ય રીતે સૌથી અનુભવી ખેલાડી હોય છે. તે રમતની યોજના નક્કી કરે છે અને સેટના અંતિમ બે બોલ ફેંકે છે. એક સેટમાં પાંચ ‘એન્ડ’ હોય છે.’લીડ’ બોલ ફેંકનાર પ્રથમ ખેલાડી હોય છે, જે મેટ મૂકવા માટે જવાબદાર હોય છે. તે ‘સ્કીપ’ રમત શરૂ કરે તે પહેલાં બોલને ટાર્ગેટની શક્ય તેટલો નજીક પહોંચાડવાનો પ્રયત્ન કરે છે. ભારતીય મહિલા પેર ટીમ શુક્રવારે સેક્શન B માં તેમની બીજી મેચમાં દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે.

# ડોપિંગ ભંગને કારણે ભારતનો વેઇટલિફ્ટીંગ ક્વોટા ઘટાડાતા દિલબાગને બહાર કરાયો

**કોમનવેલ્થ** ગેમ્સ પહેલા ડોપિંગ માટે અજીત, સાઇરાજ પરદેશી અને હરચરણ સિંહ પર પ્રતિબંધ મૂકાયો

**ક્વોલિફિકેશન** દરમિયાન ડોપિંગ વિરોધી નિયમના ભંગ બદલ વંશિતા શર્મા પણ પ્રતિબંધિત થઇ હતી

ગ્લાસગો, તા. 23 (પીટીઆઈ) : ક્વોલિફિકેશન સમયગાળા દરમિયાન અનેક ડોપિંગ વિરોધી નિયમ ઉલ્લંઘનને કારણે ભારતના વેઈટલિફ્ટીંગ ક્વોટામાં ઘટાડો થયા બાદ વેઈટલિફ્ટર દિલબાગ સિંહને કોમનવેલ્થ ગેમ્સ ટુકડીમાંથી બહાર કરવામાં આવ્યો છે. કોમનવેલ્થ ગેમ્સ માટે ભારતનો વેઈટલિફ્ટિંગ ક્વોટા 16થી ઘટાડીને 11 કરવામાં આવ્યો છે.

ભારતીય વેઈટલિફ્ટિંગ ફેડરેશને ઓલિમ્પિક્સ સિલ્વર મેડલ વિજેતા મીરાબાઈ ચાનુના નેતૃત્વમાં 12 સભ્યોની ટીમની જાહેરાત કરી હતી. ફેડરેશને કહ્યું કે તેમને બુધવારે જ ક્વોટા ઘટાડા વિશે જાણ થઈ. એક વિશ્વસનીય સૂત્રએ જણાવ્યું કે ફેડરેશનને ગઈકાલે જ વેઈટલિફ્ટર્સના ક્વોટાને 12થી ઘટાડીને 11 કરવાની માહિતી મળી હતી. દિલબાગ પીઠની ઈજાથી પીડાઈ રહ્યો છે અને બર્મિંઘમમાં યોજાયેલા તૈયારી શિબિર દરમિયાન તેણે બિલકુલ તાલીમ લીધી ન હતી, તેથી તેને ટીમમાંથી બહાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

કોમનવેલ્થ ગેમ્સ પહેલા ડોપિંગ માટે એન અજિત (71 કિગ્રા), સાઈરાજ પરદેશી (88 કિગ્રા) અને હરચરણ સિંહ (110 કિગ્રા) પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. મહિલા વેઈટલિફ્ટર વંશિતા વર્મા (86 કિગ્રા) ને પણ ક્વોલિફિકેશન સમયગાળા દરમિયાન ડોપિંગ વિરોધી નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યા બાદ પ્રતિબંધિત કરવામાં આવી હતી.

## ડોપ ટેસ્ટમાં ફેલ થતાં જુડોકા અરુણ કુમાર CWGમાંથી બહાર

**સ્પર્ધા** બહારના ડોપ ટેસ્ટમાં ફેલ થતાં નાડા દ્વારા અરુણને કામચલાઉ ધોરણે સસ્પેન્ડ કરાયો



નવી દિલ્હી, તા. 23 (પીટીઆઈ) : ભારતીય જુડોકા અરુણ કુમારને સ્પર્ધાની બહાર ડોપ ટેસ્ટમાં નિષ્ફળ જવા બદલ ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાંથી બહાર કાઢવામાં આવ્યો છે.

73 કિગ્રા વર્ગમાં ભાગ લેનાર અને ગયા મહિને કિંગદાઓ ગ્રાન્ડ પ્રિક્સમાં ભાગ લેનાર અરુણને નેશનલ એન્ટી-ડોપિંગ એજન્સી (નાડા) દ્વારા કામચલાઉ ધોરણે સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. જુડો ફેડરેશન ઓફ ઈન્ડિયાના નજીકના સૂત્રએ જણાવ્યું કે સસ્પેન્શનની સૂચના આવી ગઈ છે. અમારે તેને દૂર કરવો પડ્યો છે.

ભારતે 14 સભ્યોની મજબૂત જુડો ટીમની જાહેરાત કરી હતી, જેમાં સાત પુરુષો અને એટલી જ મહિલાઓનો સમાવેશ થતો હતો. ગઈકાલે, ભારતીય ટીમમાં 124 ખેલાડીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જુડો ટીમ હજુ સુધી ગ્લાસગો જવા રવાના થઈ નથી કારણ કે તેમની સ્પર્ધા 31 જુલાઈથી શરૂ થશે.

## CWG બોક્સિંગમાં ભારતને લવલીના ગોલ્ડ મેડલ અપાવે તેવી આશા

**લવલીનાની** 75 કિગ્રાની કેટેગરીમાં માત્ર પાંચ બોક્સર હોવાથી તેને સીધો સેમીમાં પ્રવેશ મળ્યો

**જાસ્મીન**, પ્રિયા અને પ્રીતિને બાય મળતા તેઓ પણ મેડલ મેળવવાથી એક જીત દૂર



ગ્લાસગો, તા. 23 (પીટીઆઈ) : લવલીના બોરગોહેનને રિંગમાં ઉતર્યા વિના પોતાનો પહેલો કોમનવેલ્થ ગેમ્સ મેડલ નિશ્ચિત કરી લીધો છે, અને હવે તે આવતીકાલ શુક્રવારથી અહીં શરૂ થતી બોક્સિંગ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ પર નજર રાખશે.

કોમનવેલ્થ ગેમ્સમાં ભારતે અત્યાર સુધીમાં બોક્સિંગમાં 44 મેડલ જીત્યા છે. આઠ ભારતીય બોક્સરોને પહેલા રાઉન્ડમાં બાય મળ્યા. જાસ્મીન લંબોરિયા (57 કિગ્રા), પ્રિયા ઘંઘાસ (60 કિગ્રા) અને પ્રીતિ પવાર (54 કિગ્રા) મેડલ મેળવવાથી એક જીત દૂર છે. માજી વિશ્વ ચેમ્પિયન લોવલીના (75 કિગ્રા) ને સેમિફાઈનલમાં સીધો પ્રવેશ મળ્યો છે જેમાં ફક્ત પાંચ બોક્સર છે. સાત સભ્યોની ભારતીય મહિલા ટીમ બર્મિંઘમના રેકોર્ડની બરાબરી કરી શકે છે અથવા તેનાથી પણ સારી રીતે રમી શકે છે જ્યાં તેણે બે ગોલ્ડ અને એક બ્રોન્ઝ જીત્યો હતો. વર્તમાન વિશ્વ ચેમ્પિયન જાસ્મીન મેડલ માટે સૌથી મજબૂત દાવેદાર છે. બર્મિંઘમમાં બ્રોન્ઝ મેડલ જીતનાર જાસ્મીન પોતાના મેડલનો રંગ સુધારવાનો પ્રયાસ કરશે. આર્મીની સાક્ષી ચૌધરી 54 કિલોને બદલે 51 કિલોગ્રામમાં ભાગ લેશે. તેણે પસંદગી ટ્રાયલમાં વિશ્વ ચેમ્પિયન નિખત ઝરીન અને મીનાક્ષી હુડાને હરાવ્યા હતા.

## 2027 WTC ફાઈનલ 9 જૂનથી ઓવલ ખાતે રમાશે

**જુલાઈ** અને ઓગસ્ટમાં રમાનારી મહત્વપૂર્ણ સીરિઝોથી WTC ફાઇનલ માટેની સ્પર્ધા વધુ તીવ્ર બનવાની સંભાવના

લંડન, તા. 23 (પીટીઆઈ) : ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઈસીસી)એ ગુરુવારે જાહેરાત કરી હતી કે 2027 વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (ડબલ્યુટીસી)ની ફાઈનલ 9 થી 13 જૂન દરમિયાન ‘ધ ઓવલ’ ખાતે રમાશે.

ગયા વર્ષે ઈંગ્લેન્ડે 2027, 2029 અને 2031 માં આગામી ત્રણ ડબલ્યુટીસી ફાઈનલનું આયોજન કરવાનો અધિકાર મેળવ્યો હતો. દરેક આવૃત્તિ માટેના સ્થળો યજમાન બોર્ડ, ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ECB) દ્વારા પસંદ કરવામાં આવશે. અત્યાર સુધી રમાયેલી ત્રણેય ડબલ્યુટીસી ફાઈનલ પણ ઈંગ્લેન્ડમાં યોજાઈ છે.

આ સાથે બીજી વખત ઓવલમાં ડબલ્યુટીસી ફાઈનલનું આયોજન થશે. અગાઉની ફાઈનલ 2023માં અહીં રમાઈ હતી, જ્યાં ઓસ્ટ્રેલિયાએ ભારતને હરાવીને ટેસ્ટ ચેમ્પિયનશિપ મેસ જીતી હતી. વર્તમાન ડબલ્યુટીસી સાયકલના અંતમાં એક વર્ષથી પણ ઓછો સમય બાકી છે, ત્યારે ફાઈનલમાં સ્થાન મેળવવાની દોડમાં ઓસ્ટ્રેલિયા અને ડિફેન્ડિંગ ચેમ્પિયન દક્ષિણ આફ્રિકા સૌથી આગળ છે. જુલાઈ અને ઓગસ્ટ દરમિયાન ડબલ્યુટીસી ફાઈનલ માટેની સ્પર્ધા વધુ તીવ્ર બનવાની તૈયારીમાં છે કારણ કે ઘણી મહત્વપૂર્ણ ટેસ્ટ સીરિઝ પોઈન્ટ ટેબલનું ચિત્ર બદલી શકે છે.

**વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2025-27નું પોઇન્ટ ટેબલ**

| ટીમ | મેચ | જીત | હાર | ડ્રો | પેનલ્ટી | પોઇન્ટ | ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|
| ઓસ્ટ્રેલિયા | 8 | 7 | 1 | 0 | 0 | 84 | 87.50 |
| દક્ષિણ આફ્રિકા | 4 | 3 | 1 | 0 | 0 | 36 | 75.00 |
| ન્યૂઝીલેન્ડ | 6 | 4 | 1 | 1 | 0 | 52 | 72.22 |
| બાંગ્લાદેશ | 4 | 2 | 1 | 1 | 0 | 28 | 58.33 |
| ભારત | 9 | 4 | 4 | 1 | 0 | 52 | 48.15 |
| શ્રીલંકા | 4 | 1 | 1 | 2 | 0 | 20 | 41.67 |
| ઈંગ્લેન્ડ | 13 | 4 | 8 | 1 | 14 | 38 | 24.36 |
| વેસ્ટઇન્ડિઝ | 10 | 1 | 7 | 2 | 2 | 18 | 15.00 |
| પાકિસ્તાન | 4 | 1 | 3 | 0 | 8 | 4 | 8.33 |

# વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન પર સચિન, યુવરાજ સહિતના ખેલાડીઓએ મૌન તોડ્યું

**સચિને** કહ્યું સમાજે વિદ્યાર્થીઓ ફરી આવો અનુભવ ન કરે તેની ખાતરી કરાવવાની જરૂર છે, યુવરાજ-શિખરે ધીરજ રાખવાની વાત કરી

નવી દિલ્હી, તા. 23 : નીટ યુજી પેપર લીક સામેના વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનો પર સચિન તેંદુલકર, યુવરાજ સિંહ, અભિનવ બિન્દ્રા, મનુ ભાકર અને નિખત ઝરીને વાતચીત કરવાને સમર્થન આપ્યું છે અને પોલીસ કાર્યવાહી વચ્ચે પ્રદર્શનો વધુ તીવ્ર બનતા રમતવીરોએ ધીરજ, શિક્ષણ સુધારા અને શાંતિપૂર્ણ ઉકેલ લાવવાની વિનંતી કરી હતી.

સચિને ગુરુવારે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓના સમર્થનમાં કહ્યું કે તેમની નિરાશા સમજી શકાય તેવી છે અને સમાજે ખાતરી કરવાની જરૂર છે કે તેઓ ફરીથી આવો અનુભવ ન કરે. યુવરાજ અને ધવને વિરોધ પ્રદર્શનો વચ્ચે ધીરજ અને દેશની સરકારમાં વિશ્વાસ રાખવાના મહત્વ પર ભાર મૂક્યો. બિન્દ્રાએ પોસ્ટ કરી કે મને આશા છે કે આપણે બધા એક થઈને સાથે મળીને આપણી શિક્ષણ પ્રણાલીને સતત મજબૂત બનાવી શકીએ. મનુ ભાકરે પણ X પર પોસ્ટ કરી કે આ કોઈ રાજકીય પક્ષને પ્રોત્સાહન આપવા કે તેનો વિરોધ કરવા વિશે નથી. તે ખરેખર મહત્વના મુદ્દાઓ શિક્ષણ, પર્યાવરણ, સલામતી અને જવાબદારી માટે બોલવા વિશે છે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### પાણીનો પ્રકોપ...

વૃક્ષો તૂટી પડ્યાં હતા અને વીજ પોલ પણ પડી જતા અનેક ગામોમાં વીજ પ્રવાહ બંધ થઈ ગયો હતો. અતિ ભારે વરસાદના કારણે અનેક માર્ગો ધોવાઈ ગયા હતા વધુમાં ઉમરગામ દેવધામ ગાંધીવાડી વિસ્તારમાંથી વરસાદી પાણીમાં તણાઈને આવેલ એક અજાણ્યા શખ્સની લાશ મળી હતી. ભીલાડમાં પણ એક શખ્સનું મોત નીપજવા ઘટના બનવા પામી હોવાનું સૂત્ર પાસેથી જાણવા મળ્યું છે નવસારી જિલ્લામાં તેમજ ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે સમગ્ર નવસારી જાણે બેટમાં ફેરવાઇ ગયું હતું. ભારે વરસાદના કારણે પૂર્ણા, અંબિકા અને કાવેરી નદીઓમાં નવાં નીરની આવક સતત વધી રહી છે. પૂર્ણા નદીનું જળસ્તર 29 ફૂટ સુધી પહોંચી જતા નીચાણવાળા વિસ્તારોમાં પૂરનું પાણી ફરી વળ્યું હતું. નદીકાંઠાનાં ગામો અને સોસાયટીઓમાં પાણી ઘૂસી જતાં લોકોને સલામત સ્થળે ખસેડવાની ફરજ પડી હતી. ચેકડેમો, તળાવો અને નાળા પણ છલકાઈ ગયા હતા, જેના કારણે અનેક ગામોમાં પાણી ભરાવાની સ્થિતિ યથાવત્ રહી હતી. નવસારી જિલ્લામાં સૌથી વધુ વરસાદ વાંસદામાં 27.17 ઈંચ જ્યારે ખેરગામમાં પણ 22.09 વરસાદ નોંધાયો હતો. જ્યારે સૌથી ઓછો વરસાદ જલાલપોરમાં 4.61 અને નવસારી તાલુકામાં 4.29 ઈંચ વરસાદ નોંધાયો હતો. નવસારી શહેરની મિથિલા નગરીમાં પૂરનું સૌથી ભયાનક દૃશ્ય જોવા મળ્યું હતું. પૂર્ણા નદીનું પાણી ઘૂસી જતાં 350થી વધુ ઘરોમાં પાણી ભરાઈ ગયું છે. સમગ્ર વિસ્તાર ટાપુમાં ફેરવાઈ ગયો હતો. વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવતા લોકો અંધકારમાં રહેવા મજબૂર બન્યા હતા. અનેક પરિવારો ઘરની અગાસી અને ઉપરના માળે આશરો લેવા મજબૂર બન્યા હતા. બાળકો માટે દૂધ અને વૃદ્ધો માટે દવાઓ મેળવવી પણ મુશ્કેલ બની ગઈ હતી. વલસાડ જિલ્લામાં સદીની સૌથી વિકટ પૂર સ્થિતિ: 1968નો રેકોર્ડ પણ પાછળ પડ્યો, 2026નું વર્ષ ઈતિહાસમાં નોંધાશેવલસાડ:છેલ્લા 48 કલાકથી અવિરત વરસેલા ધોધમાર વરસાદે સમગ્ર વલસાડ જિલ્લાને અભૂતપૂર્વ પૂર સંકટમાં ધકેલી દીધો છે. તાન, માન, પાર, ઔરંગા, કોલક અને દમણગંગા સહિત જિલ્લાની તમામ મુખ્ય નદીઓમાં આવેલા ઘોડાપૂરે અનેક શહેરો અને ગામડાઓને જળબંબાકાર બનાવી દીધા છે. વડીલોના જણાવ્યા મુજબ વર્ષ 1968માં આવેલા વિનાશક પૂર કરતાં પણ વધુ પાણી આ વખતે જોવા મળ્યું હોવાથી વર્ષ 2026ની આ હોનારત જિલ્લાના ઈતિહાસમાં કાળા અક્ષરે નોંધાશે તેવી ચર્ચા ચાલી રહી છે.વલસાડ, વાપી, ઉમરગામ, ધરમપુર અને કપરાડા સહિત જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં જનજીવન સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયું હતું. દેશનો સૌથી વ્યસ્ત ગણાતોબ નેશનલ હાઈવે-48 પણ અનેક સ્થળોએ પાણી ભરાઈ જતાં કલાકો સુધી વાહનવ્યવહાર માટે બંધ કરવાની ફરજ પડી હતી. હજારો વાહનો હાઈવે પર ફસાઈ ગયા હતા અને લાંબા ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા.વલસાડ શહેરમાં પૂરનું સૌથી વિકરાળ સ્વરૂપ જોવા મળ્યું હતું. છીપવાડ વિસ્તારમાં 10 ફૂટથી વધુ ઊંડા પાણી રસ્તાઓ પર નદીની જેમ વહેતા જોવા મળ્યા હતા. તરિયાવાડ વિસ્તારમાં પણ પાંચ ફૂટથી વધુ પાણી ભરાતા અનેક ઘરો અને દુકાનોમાં પાણી ઘૂસી ગયું હતું. શહેરના અનેક વિસ્તારોમાં લોકો ઘરેથી બહાર નીકળી શક્યા ન હતા.વાપી શહેરના પોશ વિસ્તાર ગણાતા ગુંજનમાં પાણી ભરાતાં અનેક કારો પાણીમાં ડૂબી ગઈ હતી. જ્યારે વાપી નજીક ટુકવાડા ગામ ખાતે આવેલા અત્યાધુનિક અવધ યુટોપિયા પ્રોજેક્ટના બંગલાઓમાં સાત ફૂટથી વધુ પાણી ભરાઈ જતાં ભારે નુકસાન થયું હતું.

### શિક્ષણ મંત્રીના...

ગાંધી અને અખિલેશ યાદવ સહિતના ટોચના વિપક્ષી નેતાઓએ બિરલા સાથે મુલાકાત કરી હતી. આ બેઠકમાં ટીએમસી નેતાઓ સૌગતા રોય અને મહુઆ મોઈત્રા પણ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની કોંગ્રેસની આગેવાની હેઠળના વિપક્ષી પક્ષોએ જીદ પકડી રાખતા ગુરુવારે સતત ચોથા દિવસે રાજ્યસભા સ્થગિત કરવામાં આવી હતી, જ્યારે સરકારે કહ્યું હતું કે તે NEET પેપર લીક મુદ્દે ચર્ચા કરવા તૈયાર છે. બપોરે ૩ વાગ્યા પછીની બેઠકમાં ખડગેએ લેખિત લખાણમાંથી કાવ્યાત્મક ટિપ્પણીઓ વાંચવાનું શરૂ કર્યું, અને દાવો કર્યો કે વિપક્ષ દેશના હિતમાં કોઈપણ પડકારનો સામનો કરશે. સવારે ગૃહની કાર્યવાહી શરૂ થતાં જ રિજિજુએ કહ્યું કે સરકાર ગુરુવારે જ NEET મુદ્દે ચર્ચા માટે તૈયાર છે, અને વિરોધ પક્ષે ચર્ચા કરવા માટે કોઈ શરત રાખવી જોઈએ નહીં. જો કે, ખડગેએ કહ્યું કે આ મુદ્દે કોઈપણ ચર્ચા પહેલાં પ્રધાને રાજીનામું આપવું પડશે.

### પેપર લીકમાં...

અધિકારીઓ અને તંત્રને તમામ જરૂરી પગલાં લેવાનો નિર્દેશ આપ્યો છે. તેમણે ઉમેર્યું, વિદ્યાર્થીઓના હિતોનું રક્ષણ કરવા માટે સરકાર દ્વારા લેવામાં આવી રહેલા નિર્ણયોની શ્રેણીમાં આ એક મહત્વપૂર્ણ પગલું છે. NEET પેપર લીક પર મોદીનો પહેલો જાહેર સંદેશ મંગળવારે આવ્યો હતો, જ્યારે તેમણે NDA સંસદીય દળની બેઠકમાં આ મુદ્દા પર વાત કરી હતી. આ ભાષણનું કોઈ લાઈવ પ્રસારણ નહોતું થયું કે કોઈ સત્તાવાર નિવેદન પણ બહાર પાડવામાં આવ્યું નહોતું.

### વાપીમાં યુવાન...

બાજુમાં આવેલા વીજ પોલ પર જીવ બચાવવા ચઢી ગયેલા યુવાનનું કરવામાં આવી રહ્યુ છે. વલસાડ જિલ્લા પૂર નિયંત્રણ કક્ષ પાસેથી મળતી માહિતી મુજબ, આ યુવક ગતરોજથી ઈલેક્ટ્રીક વીજ પોલ જીવ બચાવવા માટે ચઢી ગયો હતો. જેની જાણ જિલ્લા વહીવટી તંત્રને થતા વાપી મામલતદારશ્રી કે.પી.કટારીયાની ઉપસ્થિતિમાં સાંજે હેલિકોપ્ટર દ્વારા રેસ્ક્યુ કામગીરી હાથ ધરવામાં આવી હતી. પૂર રાહત કામગીરીમાં હેલિકોપ્ટરનું આગમન થતા એવા અનેક વિસ્તારો કે, જ્યાં બોટ ન પહોંચી શકે ત્યાં ફસાયેલા લોકોને બચાવવા માટે સફળતા મળશે.

### વડા પ્રધાનનો...

હતું, પરંતુ કહ્યું હતું કે તે લગભગ દોઢ મહિનાના વિરોધ પ્રદર્શન બાદ આવ્યો છે અને વારંવાર થતા પેપર લીક પાછળના મુખ્ય પ્રશ્નનો જવાબ આપતો નથી. રાંકાએ કહ્યું, પહેલી વાત એ છે કે એ સારું છે કે દોઢ મહિનાના વિરોધ પછી આખરે વડા પ્રધાને નોંધ લીધી. કદાચ તેમના વિદેશ પ્રવાસો પૂરા થઈ ગયા છે અને તેઓ ભારત પરત ફર્યા છે, જે સારી વાત છે. રાંકાએ જણાવ્યું, પરંતુ પેપર લીક થઈ ગયા પછી તમે કઈ સજા આપી રહ્યા છો? તેનાથી પેપર લીકની સમસ્યાનો ઉકેલ આવવાનો નથી. અસલી સવાલ એ છે કે પેપર લીક શા માટે થઈ રહ્યા છે. તે સવાલનો જવાબ મળવો જ જોઈએ.